# અગર વિસ્તારોમાં ICDS ની સ્થિતિ, કારણો અને ઉપાયો

અગર વિસ્તારો સામાન્ય રીતે ગામ થી દૂર, દરિયા કિનારે અથવા રણમાં છે. તેઓ પંચાયતની હદમાં આવતા નથી. અગરીયા સમુદાય ચોમાસા પછી અગર વિસ્તારોમાં સ્થળાંતર કરતાં હોય છે. અને ત્યારબાદ 8 મહિના સુધી મીઠું પકવવામાં લાગી જાય. અગરીયા સમુદાયનું મુખ્ય આજીવિકા મીઠાની ખેતી છે. ખુબજ ઓછા લોકો પાસે પોતાની ખેતી કે અન્ય આજીવિકાનું સાધન છે.

અગરીયા કાં તો રણ/દરિયા કાંઠે પોતાની મેળે મીઠું પકવે છે, તેને સ્વ-રોજગાર પ્રાપ્ત અગરીયા તરીકે ઓળખવામાં આવે છે અથવા નાના, મધ્યમ અથવા મોટા સોલ્ટ વર્કમાં દિવસના રોજ પર, અથવા ઉચ્ચક (ટન દીઠ ભાવ પર) કામ કરતાં હોય છે.

અગરીયા સમુદાય મોટા ભાગે પરિવાર સાથે સ્થળાંતર કરે છે. તેથી કામના સ્થળે સેંકડો બાળકો, મહિલાઓ, સગર્ભા અને ધાત્રી માતાઓ હોય છે. ગામથી દૂર રહેવાના કારણે, આર્થિક પરિસ્થિતીના લીધે અને અગરની વિષમ પરિસ્થિતીના લીધે અગરીયા સમુદાયમાં વ્યાવસાયિક તેમજ માતૃ અને બાળ- સ્વાસ્થ્ય સવાલો ખુબજ ચિંતાજનક છે. એવા સંજોગોમાં સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) અંતર્ગત મળવાપાત્ર સેવાઓ અગર વિસ્તારો સુધી અગર વિસ્તારોમાં પહોંચે તે ખુબજ અગત્યનું બને છે. આજની તારીખમાં અગર વિસ્તારો (કચ્છ નું નાનું રણ અથવા દરિયા કાંઠાના વિસ્તારો) માં આંગણવાડી ની સુવિધા નથી . માળીયાના થોડા વિસ્તારો ને બાદ કરતાં, લગભગ બધી જગ્યાએ અગરીયા મહિલાઓ, 0 થી 6 વર સુધીના બાળકો તેમજ કિશોરીઓ ICDS ની તમામ સેવાઓથી વંચિત રહી જાય છે.

## <u>હાલની સ્થિતિ શું છે ?</u>

કચ્છનું નાનું રણમાં ગત સીજન દરમ્યાન એક પણ આંગણવાડી શરૂ કરવામાં આવી નથી. રણ માં આશરે 6000 ઉપરાંત પરિવારો 8 માસ માટે રહેતા હોય છે. તેમાં હજારોની સંખ્યામાં બાળકો, મહિલાઓ અને કિશોરીઓ હોવા છતાં ICDS વિભાગ તરફથી રણમાં કામના સ્થળે કોઈ આંગણવાડી શરૂ કરવા અંગે કોઈ આયોજન અને બજેટની ફાળવણી કરવામાં આવી નથી.

રણ ના કેટલાક વિસ્તારોમાં પૂરક પોષણ આહાર નું વિતરણ કરવા અંગે આયોજન વિભાગે કર્યું હતું. પણ તેનો કોઈ ચોક્કસ રુટ પ્લાન અને દિવસનક્કી કરેલ ન હતો. માત્ર માળીયા તાલુકાનાં કેટલાક અગર વિસ્તારોને બાદ કરતાં 3 થી 6 વર્ષ ના બાળકોને પૂરક પોષણ આહાર, શૈક્ષણિક પ્રવૃત્તિ, 4 મંગળવાર, મમતા દિવસ વગેરે તમામ સેવાઓ અગર વિસ્તારોમાં પહોંચતી જ નથી.

આંગણવાડી ન હોવાના કારણે 3 થી 6 વર્ષ ના ભૂલકાઓ રણ શાળાઓ માં તેમના ભાઈ/બેન જોડે આવતા હોય છે. પણ રણશાલામાં આંગણવાડી જેવુ વાતાવરણ, રમકડાં વગેરે ન હોવાના કારણે બાળકો ત્યાં રડતાં હોય છે. પણ ઘરે માં-બાપ અગર કામમાં વ્યસ્ત હોવાના કારણે આ ભૂલકાઓને લીધાવગર તેમના મોટા ભાઈ/બેન રણ શાળાઓ માં આવી શકવાના નથી.

વર્ષોથી 8 માસ માટે પૂરક પોષણ આહાર અને અને અન્ય સેવાઓથી વંચિત રહેવાના કારણે અગરીયા સમુદાયમાં મહિલાઓ, કિશોરીઓ અને બાળકો માં કુપોષણ જોવા મળે છે.

<u>શું કરવું જોઈએ?</u>

- રણ શાળા ની જેમ રણ ના 26 જેટલા સ્થળ પર અને દરિયા કાંઠાના તમામ અગર વિસ્તારમાં 'સોલ્ટ વર્ક' માં 8 મહિના માટે આંગણવાડી શરૂ કરવી જોઈએ.
- તે માટે હેલ્પર અને કાર્યકર્તા ની હંગામી નિમણૂક કરવી જોઈએ. હેલ્પર અને આંગણવાડી કાર્યકર્તા અગર વિસ્તારોમાથી/સમુદાયમાથી જ હોય તે ઇચ્છનીય છે.
- મોબાઈલ હેલ્થ વાન ના મદદ થી માહિનામાં એક વખત મમતા દિવસ, સગર્ભા બેનો ની તપાસ વગેરે કરી શકાય.
- અગર આશા /હેલ્થ વર્કર "ચાર મંગળવાર માં કિશોરીઓ, ધાત્રી માતાઓ અને સગર્ભા બીનોને આંગણવાડી પર લાવવામાં મદદરૂપ થશે.

## <u>અગર વિસ્તાર ICDS કાર્યક્રમની સૂચિત રૂપરેખા</u>

<u>ઉદ્દેશ્ય :-</u>

(1) ગુજરાતના દરિયા કિનારે તેમજ કચ્છ ના નાના રણ માં મીઠું પકવતા અગરીયા પરિવારોને તેમના સ્થળાંતરના સમયગાળા દરમ્યાન ICDS સેવાઓ પૂરી પાડવી.

(2) અગર વિસ્તારોમાં સ્થળાંતર કરતાં પરિવારના મહિલાઓ, અને બાળકો ને માતૃ અને બાળ સ્વાસ્થ્ય ને લગતી સેવાઓ (વજન ની ચકાસણી, સગર્ભા બેનોની HB ની ચકાસણી, અને તેમણે iron ની ગોળીઓ આપવી, પોષણક્ષમ આહાર લેવાં અતે માર્ગદર્શન, પૂરા પોષણ આહાર નો જથ્થો વગેરે સેવાઓ ગામ અને અગર વિસ્તારો એમ બંને જગ્યાએ સાતત્યપૂર્ણ રીતે પૂરી પાડવી

(3) અગર વિસ્તારના 3 થી 6 વર્ષ ના બાળકોની સાથે રમત ગમત તેમજ અન્ય શિક્ષણિક પ્રવૃત્તિ કરવી.

(4) અગર વિસ્તારની વિષમ પારિસ્થિતિમાં મહિલાઓ અને બાળકોના સ્વાસ્થ્યની સંભાળ રાખવી

**કાર્યક્રમનો વ્યાપ :- કચ્છનું નાનું રણ તેમજ સમગ્ર ગુજરાતના દરિયા કાંઠે આવતા તમામ અગર વિસ્તારો**

**પ્રવૃત્તિઓ – ICDS કાર્યક્રમ અંતર્ગત આવતી તમામ પ્રવૃત્તિઓ ટાઇમલાઈન અને જવાબદારીની વહેંચણી સાથે તમામ અગર વિસ્તારો માટે આયોજન કરવાનું થાય, જે તે જિલ્લા અને લગતા વળગતા તાલુકા ના CDPO કચેરી તરફથી કરવાનું થાય.**

**Harinesh Pandya**
**Ph: 09824048842,**
**Email: ahrmgujarat@gmail.com;**

**Bharat Somera**
**Ph: 9909006796**

====================